# ડીસાના અનેક ગામોમાં ભૂકંપના આંચકા : મધ્યબિંદુ માઉન્ટ આબુ

ડીસા, તા. ૨૦

બનાસકાંઠાના ડીસા તાલુકાના પાંથાવાડા, કંસારી, બાઈવાડા, થેરવાડા, વીઠોદ્રર, જયારે ધાનેરા તાલુકાના અનેકો ગામો અને દાંતીવાડાનાં નેકો ગામોમાં સાંજે ૮.૫૬ મીનીટે ભુકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. જેનાથી લોકો ભયભીત થઈ પોતાના મકાનોમાંથી બહાર દોડી આવ્યા હતા. ડીસાથી ઉત્તર ડીસા તરફ ૧૦ કિલોમીટર અંતરના અનેક ગામોમાં સાંજના ૮.૫૬ મીનીટે ભૂકંપનો હળવો આંચકો અનુભવતા લોકોમાં ભય ફેલાયો હતો.

આ મામલે હવામાન વિભાગ ભુજનાં રડાર અને સુક્ષ્મો વિભાગના ડાયરેક્ટર રાકેશ કુમારે આ ભૂકંપનાં આંચકાની પુષ્ટી કરી છે, તેમને ટેલીફોનીક વાતમાં જી.એસ. ટીવીને જણાવ્યું હતું કે દિલ્હી હવામાન વિભાગના ઈનપુટ જોતા આ ભૂકંપ ભારતીય સમય -માણે સાંજે ૮.૫૬ મીનીટે આવ્યો હતો જેનું કેન્દ્ર બિંદુ રાજસ્થાનના સિરોહી જીલ્લાનાં માઉન્ટ આબુ નજીક છે. જમીનની સતહથી માત્ર પાંચ કિલોમીટર નીચે ભૂકંપ કેન્દ્ર બિંદુ હોઈ આ ભૂકંપ આંચકો દુર-દુર સુધીના ગામોમાં અનુભવાયો છે. જે ૨૪.૫ ડીગ્રી નોર્થ અને ૭૨.૪ ડીગ્રી ઈસ્ટ દિશામાં નોધાયો છે. આ ભૂકંપ આંચકાની રીચરસ્કેલ પર તીવ્રતા ૨.૯ હોવાનું પણ તેમને જણાવ્યું હતું. ધરતી નીચે પેટાળમાં આવેલી પ્લેટો ખસવાથી આ -કારના ભૂકંપ આવતા હોવાનું તેમને જણાવ્યું હતું. જોકે કોઈ જ જાનહાની ન થતા તંત્રે રાહતનો શ્વાસ લીધો છે.



## ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડમાં સફાઈ માત્ર કાગળ પર

ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડના શૌચાલયની આસપાસ નો આ નજારો છે જયાં ગંદકી ખદબદે છે. શૌચાલય છે પણ છેલ્લા કેટલાક સમયથી તાળા લટકે છે. હજારો મુસાફરોની અવર જવર રહેતી હોય તે બસ સ્ટેન્ડમાં સેનીટેશનની આવી દુર્દશા-સફાઈ અભિયાન માટે લપડાક સમાન છે. સફાઈ અભિયાનમાં માત્ર ઝાડુ લઈ ફોટો પડાવવાથી સફાઈ નથી થતી ત્યારે તંત્ર સફાઈ કરાવે તેવું રહીશો ઈચ્છી રહ્યા છે.

(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, બિપીન જોષી)



વડાગામ આસપાસના વિસ્તારમાં દારૂડીયાઓ બિન્દાસ બન્યા છે. ખુલ્લેઆમ જાહેર સ્થળોએ દારૂડીયાઓ દારૂ-બિયરની ખાલી બોટલો ફેંકી દે છે. જેથી રાહદારીઓ પરેશાન થઈ ગયા છે.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## ખેડબ્રહ્મામાં મધ્યાહ્ન ભોજન યોજનામાં વ્યાપક ગેરરીતિની ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા મામલતદાર કચેરીમાં કેટલાક અધિકારીઓની મીલીભગતને કારણે ચાલી રહેલી મધ્યાહ્ન ભોજન યોજનામાં વ્યાપક ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા મામલતદાર કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી વ્યાપક ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ત્યારે હાલ શાળામાં બાળકો માટેની ભોજન માટે ચાલતી મધ્યાહ્ન ભોજન યોજનામાં ભ્રષ્ટાચાર થતો હોવાની કેટલીક ફરિયોદ ઉઠવા પામી છે. આ મામલે ઉચ્ચકક્ષાએ તપાસ હાથ ધરી છેલ્લા પાંચ વર્ષના રેકર્ડ તપાસ કરવામાં આવે તો કઈ યોજના હેઠળ કઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને કઈ જગ્યા પર તેને વાપરવામાં આવી છે તેની ઘણી બધી ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે તેમ છે. ખેડબ્રહ્મા મામલતદાર કચેરીના અધિકારીઓની મિલી ભગતના લીધે નાના-નાના ભૂલકાઓનો કોળીયો ન છીનવાય તે માટે ઉચ્ચ કક્ષાએ તપાસ કરવા લોકો ઈચ્છી રહ્યા છે.

## પાલનપુરમાં ગ્રાહક સુરક્ષાના ઓથા હેઠળ છેતરપીંડી : બે સામે પોલીસ ફરિયાદ

### સંસ્થાના પ્રમુખ પાસેથી ધમકી આપી છેતરપીંડી કરી રૂ. ૫ હજાર લઈ બે શખ્સો ફરાર થઈ ગયા

પાલનપુર, તા. ૨૦

પાલનપુરમાં વિદ્યાર્થીઓના હિત માટે કાર્યરત સંસ્થા વિદ્યાર્થી સેવાસદન ટ્રસ્ટના પ્રમુખ સાથે ગ્રાહક સુરક્ષાના નામે બે વ્યક્તિઓ દ્વારા છેતરપીંડી કરવામાં આવતા પોલીસ ફરિયાદ થવા પામી છે.

પાલનપુર શહેરમાં કાર્યરત સંસ્થા વિદ્યાર્થી સેવા સદન ટ્રસ્ટ પ્રમુખ જીતેન્દ્ર ધનજીભાઈ પટેલ (રહે. રામપુરા) છે. આજે જીતેન્દ્રભાઈની સંસ્થા ખાતે કન્ઝ્યુમર અવેરનેસના ડાયરેક્ટર અશોક એમ. ચૌધરી અને અનિલ પંડ્યા આવ્યા હતા. તેમણે જીતેન્દ્ર પટેલને કહ્યુ ંહતું કે, તમે સંસ્થાના નામે વિદ્યાર્થીઓ પાસેથી પાઠ્યપુસ્તકોના નામે ખોટી રીતે ફી ઉઘરાવો છો તેવી ફરિયાદ અમને મળી છે. આથી તમારી સામે કાર્યવાહી કરીશું પરંતુ જો આ કાર્યવાહી ન કરવી હોય તો રૂ. ૧ લાખ આપી મામલો રફેદફે કરી વાત પુરી કરો તેમ કહ્યું હતું. આથી આનાકાની બાદ જીતેન્દ્ર પટેલે ગ્રાહક સુરક્ષાના ઓથા હેઠળ આવેલા બે શખ્સોને કુલ રૂ. ૫૦૦૦ આપ્યા જેથી બન્ને શખ્સો આ રૂપિયા લઈ પલાયન થઈ ગયા હતા. બાદમાં જીતેન્દ્ર પટેલને પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાની શંકા જતા તેઓએ પાલનપુર પશ્ચિમ શહેર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## થરાદ નજીક શંકાસ્પદ રીતે સંભવિત કતલખાને લઈ જવાતું ગૌવંશ ઝડપાયું

ડીસા, તા. ૨૦

બનાસકાંઠા ના સરહદી વિસ્તાર માંથી શંકાસ્પદ કતલખાને લઈ જવાતો મોટી સંખ્યાનો ગૌવંશ ઝડપાયું છે.આ ગૌવંશ શંકાસ્પદ રીતે લઈ જતા નવ આરોપીઓ ની પણ સ્થાનિક પોલીસે અટકાયત છે, જોકે આ સમગ્ર મામલા માં પોલીસ આ ગૌવંશ નાં માલિક કોણ છે ? આ ગૌવંશ ક્યા લઈ જવામાં આવ્યું હતુ ?અને આ ગૌવંશ ક્યા થી ક્યા લઈ જવામાં આવતું હતુ તેની -ાથમિક વિગતો આપવામાં નિષ્ફળ નીવડતા અ સમગ્ર મામલો ભારે રહસ્યમય બનેલ છે

આ અંગેની વિગતો જોઈએ તો બનાસકાંઠા ના થરાદ ના ગૌ સેવકો ને ખાનગી રાહે બાતમી મળેલી કે રાજસ્થાન કેટલાક ઈસમો ગોપાલકો ના સ્વાંગ માં મોટી સંખ્યા નું ગૌવંશ ગુજરાત નાં રસ્તે થી લઈ જાય છે ,જોકે આ બાતમી મળતા જ જીવદયા -મીઓ એ આજે વહેલી સવારે વોચ ગોઠવી હતી જેમાં થરાદ તાલુકા ના ગાંઠિયાળી ગામે ગ્રામજનો અને ગૌ સેવકોએ જીવદયા બચાવવા ની ભાવના સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ૭૦૦ થી વધારે શંકાસ્પદ કતલ ખાને જતા ગૌ વંશ ને ઝડપી પાડ્યું હતું ,જે બાદ ગ્રામજનો એ ગૌવંશો ને લઈને આવતા ગોવાળો ની પૂછપરછ કરતા તેઓ ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા, અને શંકાસ્પદ રીતે ગુજરાત માં લાવેલા ગૌવંશ ને રેઢું મૂકી ભાગવા લાગ્યા હતા,જોકે ગ્રામજનો એ હિમત બતાવી આ ગેરકાયદેસર ની હેરાફેરી માં સપડાયેલા ૯ ઈસમોને તો પકડી પાડ્યા હતા.

## મોડાસામાં ૫૨ વર્ષીય મહિલાએ ટેસ્ટ ટ્યુબ બદ્ધતિથી ૩ બાળકોને જન્મ આપ્યો

### ૩૦ વર્ષના લાંબા લગ્ન જીવન બાદ મહિલાએ બે પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો : પરિવારમાં વર્ષો બાદ દિવાળી જેવો માહોલ

મોડાસા, તા. ૨૦

માનવીની સંતાન પ્રાપ્તીની ખેવનાનો અંત નથી. શેર માટીની ખોટ પુરવા નિસંતાન માતા-પિતા જુદી જુદી સારવારથી માંડીને બાધા માનતાનો સહારો પણ લેવામાં આવે છે ત્યારે અદ્યતન ટેકનોલોજીથી પ્રચલિત બનેલી ટેસ્ટ ટ્યુબ ઈલાજ પદ્ધતિથી રાજસ્થાનની એક મહિલાએ ૫૨ વર્ષની ઢળતી ઉંમરે મોડાસાની હોસ્પિટલમાં એક સાથે ૩ સંતાનોને જન્મ આપતા મહિલાના પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનના બજવાણા બાલવાડા ગામના ધુળજીભાઈ પાટીદાર છેલ્લા ૩૦-૩૦ વર્ષથી નિઃસંતાન હોવાનું મેણું સાંભળી રહ્યા હતા. સંતાન પ્રાપ્તિ માટે જાત-જાતના પ્રયત્નો હાથ ધરનાર પરિવાર અંતે ખુબ નિરાશ બન્યું હતું. ત્યારે મોડાસાના સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા સરકારની યોજના અમારૂ બાળક વિશે જાણ થતા આ પરિવાર દ્વારા રાજસ્થાનથી મોડાસામાં આવી ટેસ્ટ ટ્યુબ બેબી પદ્ધતિથી સારવાર લેવાનું શરૂ કર્યું હતું. લાંબી સારવાર બાદ આજે રાજસ્થાનની ગર્ભવતી બેન પાટીદારે એક સાથે બે પુત્ર અને એક પુત્રી મળી કુલ ૩ સંતાનને જન્મ આપ્યો હતો. ૩૦ વર્ષ બાદ મહિલાના ઘરે પારણું બંધાયું હતું. આજે આ પરિવાર કેટલાય વર્ષો પછી જાણે કે દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો અને આ પરિવારમાં આનંદ જોવા મળ્યો હતો.

મોડાસાના ડૉ. સંજય શાહ દ્વારા સફળ સારવાર અપાતા નિઃસંતાન દંપતિને ઘરે એક સાથે ત્રણ બાળકોનો જન્મ થયો છે. આ ત્રણેય બાળકો હાલ તંદુરસ્ત છે.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

## મોડાસા બસ સ્ટેન્ડમાં પર પ્રાંતિય આધેડનું હૃદય રોગના હુમલાથી મોત

મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર શિક્ષણ ક્ષેત્રે અને આરોગ્યની દૃષ્ટિએ ઉત્તર ગુજરાત મહીસાગર જિલ્લો, પંચમહાલ જિલ્લો તેમજ રાજસ્થાન રાજયમાં ખુબ જ જાણીતું નગર છે. જેમાં મુખ્યત્વે રાજસ્થાન રાજયના લોકોમાં આરોગ્યની દૃષ્ટિએ મોડાસા શહેરના તબીબોને ભગવાનની નજરે જોવામાં આવે છે તેમજ બિમાર રાજસ્થાની પ્રજા સારવાર અર્થે મોડાસા શહેરમાં જોવા મળે છે.

મોડાસા શહેરમાં આજે સવારના ૧૦.૩૦ વાગ્યાની આસપાસ મોડાસા શહેરના એસ.ટી. બસ સ્ટેન્ડના ઉપહાર ગૃહમાં રાજસ્થાનથી સારવાર અર્થે આવેલ આધેડ વ્યકિત જગનુભાઈ (ઉ.વ. ૬૦) રહે. પ્રતાપપુર, જી. ડુંગરપુર રાજસ્થાન નામના ઈસમ મોડાસા શહેરમાં કડીયાકામ કરતા પોતાના પુત્રને મળવા તથા સારવાર અર્થે આવ્યા હતા જે આજે સવારે મોડાસા એસ.ટી. ઉપહારગૃહમાં નાસ્તો કરવા બેઠા હતા ત્યારે અચાનક ચકકર આવવાની સાથે સાથે છાતીમાં દુખાવો ઉપડતાની સાથે સાથે ત્યાંજ ઢળી પડયા હતા જેની તપાસ કરતાં મૃત્યુ નિપજયું હતું. જેની જાણ એસ.ટી. ઉપહારગૃહના સંચાલક અને એસ.ટી. કર્મચારીઓએ મોબાઈલને આધારે તેમના પુત્રને જાણ કરતા તેમનો પુત્ર અને મૃતકના વારસો આવી પહોંચી પોલીસ જવાનોની હાજરીમાં કાયદાકીય રીતે પોસ્ટ મોર્ટમની વિધિ કર્યા વગર આધેડની લાશ લઈને ખાનગી વાહનમાં પોતાના માદરેવતન જવા નિકળી પડયા હતા. આ ઘટનાની જાણ મોડાસા શહેરના લોકોને થતાં એસ.ટી. સ્ટેન્ડ વિસ્તારમાં લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ જય અમીન, મોડાસા)



## પ્રાંતિજ કેનેરા બેંકના ૧૦૯માં જન્મદિવસની ઉજવણી થઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ કેનેરા બેંક પ્રાંતિજ શાખામાં તા. ૧૦-૧૧-૨૦૧૪ને બુધવારના રોજ કેનેરા બેંકના ૧૦૯માં જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ખાતે આવેલ કેનરાબેંકમાં બેંકના સ્થાપકના ફોટા ઉપર ફુલહાર તથા દિપ પ્રાગટય બાદ પ્રાર્થના દ્વારા બેંક મેનેજર તથા સ્ટાફ દ્વારા આવેલ ગ્રાહકોને બેંકિંગ સેવાઓની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી અને બેંકની મેડીકલ સેવા, બચત ખાતા, પેન્શન યોજના સેવાઓ વિષે જાણકારી આપી હતી જયારે ગ્રાહકો પણ બેંક સેવાઓ ઝડપથી મળી રહે તે માટે અને સમગ્ર સ્ટાફ બેંકિંગ સેવા બાબતે કટિબદ્ધ રહેશે તેવી ખાતરી આપી હતી અને ગ્રાહકો સાથે જન્મ દિવસની ઉજવણી કરી હતી.

(તસવીર : સંજય રાવલ)

## બાર ગામ તપોધન બ્રાહ્મણ સમાજના હોદ્દેદારો વરાયા

ખેડબ્રહ્મા, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના ચાંપલપુર-મારવાડા બાર ગામ તપોધન બ્રાહ્મણ સેવા સમાજની વાર્ષિક સાધારણ સભા ખેડબ્રહ્માની સમાજવાડીમાં તાજેતરમાં મળી હતી. જેમાં કાર્યસુચી મુજબના કામ કરી આગામી ત્રણ વર્ષ માટે ત્રણ મહીલાઓ સહીત ૧૭ સભ્યોની કમિટીની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે રમેશકુમાર દવે (ગોરાડ) ઉપપ્રમુખો તરીકે મહેન્દ્રકુમાર દવે (કુબાધરોલ) નવનીતકુમાર રાવલ (વાસણા) મંત્રી તરીકે કાન્તીલાલ રાવલ (સુરતીકંપો) સહમંત્રી તરીકે નીતિનકુમાર જોષી (દૂધલી) તથા ખજાનચી તરીકે હસમુખલાલ રાવલ (વાસણા)ની વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા હોદ્દેદારોને સમાજના આગેવાનોએ બિરદાવ્યા હતા.

## પોશીનાના કોટડા ગામે બોગસ ડોક્ટર પકડાયો

ખેડબ્રહ્મા, તા. ૨૦

પોશીના તાલુકાના કોટડા ગામે કોઈ પણ જાતની ડીગ્રી વગર ગેરકાયદેસર રીતે દવાખાનું ખોલી ડૉક્ટર બની લોકોની જીંદગી બરબાદ કરનાર બોગસ ડોકટર ઝડપાયો હતો. આ અંગે ખેરોજ પોલીસ મથકમાં ફરિયાદ થતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મા બ્લોક હેલ્થ ઓફિસરને કેટલાક બોગસ ડોકટરો અંગે માહિતી મળતા આજે દેલવાડા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબને તપાસ કરવા સૂચના આપી હતી.આથી પી.એસ.સી.ની ટીમે ગામની આસપાસમાં તપાસ હાથ ધરતા કોટડા ગામે રોહિત બાબુભાઈ રાવળ ગામની અંદર જ વગર કોઈ પણ જાતની ડીગ્રીએ દર્દીઓની તબીબ સારવાર કરતો હોવાનું પ્રકાશમાં આવતા તપાસ ટીમે તેની સામે ખેરોજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે આ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં ૭૦ થી ૮૦ જેટલા બોગસ ડોકટરો દવાખાના ખોલી તબીબ સારવાર કરી રહ્યા છે અને નિર્દોષ દર્દીઓની જીંદગી સાથે ચેડા કરી રહ્યા છે ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર આ વિસ્તારમાં સઘન તપાસ કરે તો અનેક બોગસ ડોકટર પકડાય તેમ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦